# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૫/કવા–૦૩/૧૮–૧૯/ /3૦૪ -4 તા. /3/ ૨/ 19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

ગ્રેનીક મિનરલ પ્રાઇવેટ લિમિટેડ,

સરવે નંબર 105 પૈકી ૨

મુખ્ય ધોરીમાર્ગ 8–એ

ગામ જાંબુડીયા ( ભાયાતી)

તા. વાંકાનેર

ઈમેઈલ– info@grenictiles.com

**વિષય :–વીજભાર વધારા બાબતે ના ભાવપત્રક બાબત**

**સંદર્ભ:–** ગ્રેનીક મિનરલ પ્રાઇવેટ લિમિટેડ **ની અરજી , તા. ૧૫–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૯૫/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

3B

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**નકલ રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**

**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વાકાનેર**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૯૫/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૮–૧૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ગ્રેનીક મિનરલ પ્રાઇવેટ લિમિટેડ, ગામ: જાંબુડીયા (ભાયાતી)**

**રજુઆત કરનાર: અરજદાર હરજીવનભાઈ વેલજીભાઈ હાજર રહેલ છે.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, વાકાનેર**

**રજુઆત કરનાર :બી.ડી.ઝાલાવડીયા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, વાકાનેર**

## : હુકમ :

**ફરીયાદ : વીજભાર વધારા બાબતે ના ભાવપત્રક બાબત**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક<br>ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ<br>બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર ગ્રેનીક મિનરલ પ્રાઇવેટ લિમિટેડ, ગામ:જાંબુડીયા ( ભાયાતી) તેઓની અરજી ના નોંધણી નંબર<br>અરજદાર ગ્રેનીક મિનરલ પ્રાઇવેટ લિમિટેડ, ગામ:જાંબુડીયા ( ભાયાતી) તેઓની અરજી ના નોંધણી નંબર<br>:૯૫/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ૩૭૫ કેવીએનુ એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૩૨૬૩૦ થી ધરાવે<br>છે. તેઓની કોઈપણ અરજી કરેલ ન હોવા છતા – તેઓને રૂ.૭,૬૬,૭૯૨/– નુ ભાવપત્રક વધારાના ૩૫ કેવી ની<br>ડિમાન્ડ ઉમેરવા બાબત નુ અપાયેલ છે. અરજદારે સપ્લાય કોડ–૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ નુ સાચુ અર્થઘટન કરીને<br>– સદર બીલ ને રીવાઇઝ કરવા બાબતેની મુખ્ય રજુઆત મુજબ –<br>(૧) સપ્લાય કોડ–૨૦૧૫ ના મુદદા નં. ૪.૧૦૦ ના પેટા મુદદા નં.– ૫ ( IV ) મુજબ – વાકાનેર ના પત્ર<br>તા.૦૪–૦૬–૧૮ અન્વયે – તફાવતીય સીક્યોરીટી ડિપોઝીટ ની રકમ – રૂ.૧૧,૯૯,૫૩૯/– જુન–૨૦૧૮ ના<br>સમયગાળા મા ભરપાઈ કરેલ છે.<br>(૨) સપ્લાય કોડ–૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ અન્વયે અપાયેલ ભાવપત્રક મુજબ અલાયદો ફિડર ઉભો કરવા માટે નુ<br>પ્રોવિઝન કરાયેલ છે. તેઓનુ હાલ નુ વીજજોડાણ – ૧૧ કેવી સુરાણી ફિડરમાથી રીલીઝ કરાયેલ છે. તેઓની<br>જાણકારી મુજબ – ૧૧ કેવી હોક ફિડર લગભગ આશરે ૦૪ માસ પહેલા ચાલુ કરેલ છે, ૧૧ કેવી ફૃષો ફિડર જે ૦૮<br>માસ પહેલા ચાલુ કરેલ છે, તેમજ ૧૧ કેવી પ્લુટો ફિડરમા મહતમ ૨૭૦ એમ્પીયર, ૧૧ કેવી બેલેજા ફિડરમા મહતમ<br>૫૫ એમ્પીયર,૧૧ કેવી સુરાણી / રોમેક્ષ ફિડરમા મહતમ ૫૦ એમ્પીયર અને ૧૧ કેવી જીઆઈડીસી ફિડરમા મહતમ<br>૨૦ એમ્પીયર છે.<br>(૩) સદર અરજદારે જણાવેલ ફિડર ની હાલની પરીસ્થીતી મુજબ – ૩૫ કેવી વીજભાર વધારા માટે નવો ભુમિગત<br>ફીડર પ્રપોઝ કરેલ છે. જે ફીડર નુ કામ કરવા માટે – નેશનલ હાઈવે, તેમજ રોડ ની બન્ને બાજુ ઓદ્યોગીક વીજજોડાણ<br>અને બીનખેતી જમીન આવેલ હોય – કામ કરવુ શકય નથી.<br>(૪) તેઓને અપાયેલ ભાવપત્રક માં ૧૧ કેવી પ્લુટો ફિડરમા જોડાયેલ અમુક વીજભાર ૧૧ કેવી બેલેજા / કયુટોન<br>ફિડરમા ટ્રાન્સફર કરવાથી ભાવપત્રક રીવાઇઝ કરવાની વિનંતી કરેલ છે.<br>(૫) હાલ ની સ્થિતીએ ૧૧ કેવી પ્લુટો ફિડરમા પરમીશીબલ લીમીટ કરતા – વધુ એમ્પીયર (૨૯૦ એમ્પીયર )<br>આવતા હોય – સદર ફીડર નુ એસ.આઈ. સ્કીમ માં – વિભાજન કરવાથી ટ્રીપીગ, એકસીડન્ટ નિવારી શકાય.<br>(૬) મે.સીમસ્ટોન સીરામીક્સ પ્રા.લી. નુ એચ.ટી. વીજજોડાણ અગાઉ ૧૧ કેવી બેલેજા / સુરાણી ફીડરમાથી રીલીઝ<br>કરવામા આવેલ હતુ. સદર વીજજોડાણ હાલ મા – ૧૧ કેવી પ્લુટો ફીડરમાથી જોડાયેલ છે. જેથી, સદર વીજજોડાણ<br>નો વીજભાર ફરીથી ૧૧ કેવી બેલેજા ફીડરમા મહતમ એમ્પીયર – ૫૫ એમ્પીયર હોય – જોડવા આપવા વિનંતી કરેલ<br>છે.<br>(૭) ૧૧ કેવી પ્લુટો ફિડરમા મન્થલી સેન્ટ આઉટ યુનીટ – ૩૦૦૦ MWH , તેમજ થીયોરીટીકલ લોસ –૭% હોય છે.<br>જે જોતા પીજીવીસીએલ પ્રતિ માસ – ૨૧૦ MWH નુ નુકશાન કરે છે. જેની રકમ રૂ.૧૪,૭૦,૦૦૦/– છે. જે ફકત<br>વીજભાર અનબેલેન્સીગ ને કારણે – થાય છે. **આમ, અરજદારે અપાયેલ વધારાના ભાવપત્રક ને રદબાતલ કરીને**<br>મે.સીમસ્ટોન સીરામીક્સ પ્રા.લી. ના **વીજજોડાણ નો વીજભાર** ૧૧ કેવી પ્લુટો ફીડરમાથી ૧૧ કેવી બેલેજા ફીડરમા |

| | |
|---|---|
| | ફેરવીને – **રીવાઇઝ ભાવપત્રક આપવા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** |
| **૧.૨** | ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૮–૧૨–૧૮ ના રોજ અરજદારે જણાવેલ કે – તેઓને વીજભાર વધારા અન્વયે અપાયેલ ભાવપત્રક ભરપાઈ કરેલ ન હોય – હાલ તેઓનુ વીજજોડાણ કપાયેલ છે, તેમજ તેઓને બેલેજા ફીડર માથી જોડાણ આપવામા આવે તે અંગે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે. |

## મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

**૨** પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૨.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ગ્રેનીક **મિનરલ પ્રાઇવેટ લિમિટેડ** ના ગ્રાહક નં. .–૩૨૬૩૦, ગામ: જાંબુડીયા (ભાયાતી) ખાતે ૩૭૫ કેવીએ મુજબ નુ વીજજોડાણ ધરાવે છે. તેઓ દ્વારા વર્ષ–૨૦૧૭–૧૮ મા કરારીત વીજભાર કરતા –૦૪ કે તેથી વધુ વખત વીજવપરાશ કરતા માલુમ પડેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| Apr 17 | MAY 17 | JUN 17 | JUL 17 | AUG 17 | SEP 17 | OCT 17 | NOV 17 | DEC 17 | JAN 18 | FEB 18 | MAR 18 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 396 | 442 | 392 | 399 | 393 | 383 | 366 | 383 | 418 | 360 | 394 | 377 |

**આમ ઉપરોક્ત HT વીજગ્રાહક દ્વારા સપ્લાય કોડ ૨૦૧૫ ના ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ચાર વખત ૫% કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડનો વપરાશ કરેલ હોય નિયમાનુસાર વધારાના વીજભાર સંદર્ભે** અરજદાર ને વિભાગીય કચેરી દ્વારા તા.૦૮–૦૫–૧૮ ના રોજ નોટીસ પાઠવવામા આવેલ, સદર નોટીસ ની સમયમર્યાદા પૂર્ણ થતા – અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર વીજભાર વધારા અંગે નુ ભાવપત્રક માટે ની મંજુરી મેળવી, અરજદાર ને વિભાગીય કચેરી દ્વારા **જરૂરી ભાવપત્રક તા.:૩૦.૦૮.૨૦૧૮ થી રજીસ્ટર્ડ ટપાલ દ્વારા અપાયેલ. જે ભાવપત્રકની રકમ ગ્રાહકશ્રી દ્વારા** સમયમર્યાદામા ભરપાઈ ન થતા – તેમજ ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા વધારવા બાબતે કોઈ રજુઆત કરેલ ન હોય – સદર ભાવપત્રક ની રકમ ગ્રાહક ના બીલીંગ ખાતામા ડેબીટ કરાયેલ છે.

**૨.૨** અરજદાર ની રજુઆત મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – હૈયાત વીજજોડાણ – શ્રી સીમસ્ટોન સીરામીક્સ પ્રા.લી. એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૩૨૬૭૦ – ૧૧ કેવી બેલેજા ફીડર માથી રીલીઝ કરાયેલ હતું. પરંતુ, મે.ક્યુટોન ગ્રેનીટો પ્રા.લી. મા ૧૬૦૦ કેવીએનો વીજભાર વધારો લેતા – નિગમીત કચેરી ના પત્ર તા.૦૮–૦૨–૧૬ અન્વયે સીમસ્ટોન સીરામીક્સ પ્રા.લી. એચ.ટી. વીજજોડાણને ૧૧ કેવી સુરાણી ફીડર માથી પાવર સપ્લાય આપવા માટે મંજુરી અપાયેલ હતી.

૧૧ કેવી બેલેજા ફીડર જે ૧૧ કેવી પ્લુટો ફિડરની સમાંતર પસાર થતો હોય – તેમજ ૧૧ કેવી બેલેજા ફીડરમાં મહતમ એમ્પીયર લોડીંગ ૫૯ એમ્પીયર છેલ્લા ૬ માસ મા નોંધાયેલ છે. કારણકે – સદર ફીડર મા અગાઉ મે.ક્યુટોન ગ્રેનીટો પ્રા.લી. હતુ, જે એચ.ટી. માથી ઈ.એચ.ટી. મા ટ્રાન્સફર થતા – જે હાલ ૧૧ કેવી પ્લુટો ફિડરમાં જોડાયેલ છે.

ઉપરોક્ત બાબતે – સદર અરજદાર ને વીજભાર વધારા અન્વયે નિયમાધીન ૧૧ કેવી પ્લુટો ફિડરનુ વિભાજન કરવા માટે જરૂરી હોય – જેની મંજુરી મેળવવા માટે – સબંધક કચેરીમા મોકલાવેલ, ૧૧ કેવી પ્લુટો ફિડરમાં મે. દુરેજા ગ્રેનીટો પ્રા.લી. નો વીજભાર વધારો ( ૧૦૦૦ + ૮૦૦ –૧૮૦૦ કેવીએ) મંજુર કરાયેલ ત્યારે સદર ફીડર મા મહતમ એમ્પીયર ૧૯૫ નોંધાયેલ – આમ, સદર બાબતે અરજદાર ને વીજભાર વધારા અન્વયે અપાયેલ ભાવપત્રક – કંપની ના નિયમાધીન યોગ્ય છે.

**૨.૩** અરજદાર ની રજુઆત મુદદા નં. ૧.૨ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – અરજદાર નુ વીજજોડાણ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ના આદેશ અન્વયે – વીજજોડાણ કાપેલ છે. તેમજ, સદર વીજભાર વધારા અન્વયે અપાયેલ ભાવપત્રક ફરીયાદી અરજદાર દ્વારા ભરપાઈ ન થાય ત્યા સુધી જોડાણ ચાલુ કરી શકાય નહી, તેમ મૌખીક જણાવેલ છે.

**૨.૪** અરજદાર ની રજુઆત મુજબ – સીમસ્ટોન સીરામીક્સ પ્રા.લી. એચ.ટી. વીજજોડાણને ૧૧ કેવી બેલેજા ફીડરમાથી ૧૧ કેવી સુરાણી ફીડર માથી પાવર સપ્લાય આપવા માટે મંજુરી અપાયેલ હતી, જે અનુસંધાને – ફોરમ કમિટી ની મીટીંગ તા. ૧૮–૧૨–૧૮ – અન્વયે વિગતવાર આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ – જે અન્વયે વિભાગીય કચેરી ના ઈ–મેઈલ તા.૦૧–૦૧–૧૯ મુજબ– નીચે ની વિગતો જણાવેલ.

1. The load of 1600 KVA of M/s. Simstone ceramic is transferred from 11kv Belleza Ind to 11kv surani ind.

| | | |
|---|---|---|
| | | Feeder because, At the time of proposing HT LE of M/s. Qutone granito from 1800 KVA to 3300 KVA from 11kV belleza feeder, Amp loading of belleza fdr gone to 289 Amp & its % VR was became 9.93%.<br>2. So, it was not possible to give 1500 KVA HT LE to M/s. Qutone Granito from the same feeder.(i.e. Belleza fdr).<br>3. As per guideline vide L.no. PGVL/Comm/3187/dt. 05.07.2008, above load can be released through proposing new feeder/bifurcation of feeder.<br>4. Accordingly SE morbi has justified & recommend that 11 kv belleza & 11kv Surani feeder emanating from 66kv Bhojapara s/s are running parallel to national highway, & therefore it is not feasible to erect new feeder along the national highway. So, As per PGVCL requirement, Looking to this only alternative left is to transfer partial load to nearby 11kv Surani feeder which is running parallel to 11kv belleza feeder. Accordingly it is proposed to transfer load of 1600 KVA of HT consumer M/s. Simstone ceramic P.L to 11kv Surani feeder from 11kv belleza feeder. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ગ્રેનીક મિનરલ પ્રાઇવેટ લિમિટેડ ના ગ્રાહક નં. .–૩૨૬૩૦, ગામ:જાંબુડીયા (ભાયાતી) ખાતે ૩૭૫ કેવીએ મુજબ નુ વીજજોડાણ ધરાવે છે.<br>અરજદાર ની કોઈપણ અરજી કરેલ ન હોવા છતા – તેઓને વધારાના ૩૫ કેવીએ ની ડિમાન્ડ ઉમેરવા બાબત નુ રૂ.૭,૬૬,૭૯૨/– નુ ભાવપત્રક અપાયેલ છે. અરજદારે સપ્લાય કોડ–૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ નુ સાચુ અર્થઘટન કરીને – સદર બીલ ને રીવાઇઝ કરવા રજુઆત છે. સદર જણાવેલ ફિડર ની હાલની પરીસ્થિતી મુજબ – ૩૫ કેવીએ વીજભાર વધારા માટે નવો ભુમિગત ફીડર પ્રપોઝ કરેલ છે. જે ફીડર નુ કામ કરવા માટે – નેશનલ હાઈવે, તેમજ રોડ ની બન્ને બાજુ ઓદ્યોગીક વીજજોડાણ અને બીનખેતી જમીન આવેલ હોય – કામ કરવુ શકય નથી. આમ, અરજદાર ને અપાયેલ ભાવપત્રક માં ૧૧ કેવી પ્લુટો ફિડરમા જોડાયેલ અમુક વીજભાર ૧૧ કેવી બેલેજા ફિડરમા ટ્રાન્સફર કરવાથી ભાવપત્રક રીવાઇઝ કરવાની વિનંતી કરેલ છે.<br>અરજદાર ની રજુઆત મુજબ – ૧૧ કેવી પ્લુટો ફીડરમાં – પરમીશીબલ લીમીટ કરતા વધુ એમ્પીયર લોડીગ પસાર થતા હોય – સદર ફીડર નુ વિભાજન સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ કરવા વિનંતી કરેલ છે. તેમજ, મે. સીમસ્ટોન સીરામીક પ્રા.લી. અગાઉ બેલેજા ફીડરમાથી વીજજોડાણ અપાયેલ હતુ, જે ત્યારબાદ ફેરફાર થતા – ૧૧ કેવી પ્લુટો ફીડરમાથી વીજજોડાણ અપાયેલ છે. વધુમાં – ૧૧ કેવી બેલેજા ફીડરમા મહતમ ૫૦ એમ્પીયર જ લોડીગ આવતુ હોય – ૧૧ કેવી પ્લુટો ફીડર નો અમુક લોડ – ૧૧ કેવી બેલેજા ફીડર મા ફેરવવો, તેમ અરજદારે વિનંતી કરેલ છે. |
| **૩.૨** | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – મે. ગ્રેનીક મીનરલ પ્રા. લી. નુ એચ.ટી. વીજજોડાણ ૧૧ કેવી પ્લુટો ફિડરમા જોડાયેલ છે. સપ્લાય કોડ–૨૦૧૫ ની કલમ–૪.૯૫ અન્વયે – વર્ષ–૨૦૧૭–૧૮ માં કરારીત વીજભાર કરતા – ૪ કે વધુ વખત – વધુ વીજવપરાશ કરેલ હોય – જે અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા તેઓના હૈયાત વીજજોડાણ ૩૭૫ કેવીએમા ૩૫ કેવીએનો વીજભાર વધારો ઉમેરવાનો થતો હોય – જે અન્વયે ભાવપત્રક અપાયેલ છે. સદર ફીડરમાં મહતમ એમ્પીયર ૨૯૦ છે, તેમજ – % વી.આર. ૯.૬૧ વીજભાર ઉમેરાતા પહેલા નોંધાયેલ છે. જેમાં – સદર અરજદાર ના કરારીત વીજભાર માં ૩૫ કેવીએ તેમજ તે જ ફીડરમાં અન્ય એચ.ટી. ગ્રાહક મે. સીમસ્ટોન ના કરારીત વીજભાર માં – ૧૭૫ કેવીએ ઉમેરો થતા – સદર ફીડરમાં પ્રપોઝ ૨૯૦ એમ્પીયર અને % વી.આર. ૯.૯૯% થવા જાય છે. સદર ૧૧ કેવી પ્લુટો ફિડરમાં મે. દુરેજા ગ્રેનીટો પ્રા.લી. નો વીજભાર વધારા ની દરખાસ્ત ( ૧૦૦૦ + ૮૦૦ –૧૮૦૦ કેવીએ) મંજુર કરાયેલ ત્યારે સદર ફીડર મા તા. ૨૨.૦૯.૧૭ ના મહતમ એમ્પીયર ૧૯૫ નોંધાયેલ હતા. આમ, સદર ગ્રાહક ને ૧૧ કેવી પ્લુટો ફીડર નુ વિભાજન કરવાની જરૂરીયાત ઉભી થતી હોય – પ્રપોઝલ મુજબ ભાવપત્રક અપાયેલ છે, જે નિયમાધીન યોગ્ય છે, જે અન્વયે ના ટેકનીકલ પેરામીટર નીચે મુજબ રજુ કરાયેલ છે. |

| SR | Name of Feeder | S/S | EXI. KVA | ADD KVA | Max Amp | % VR |
|---|---|---|---|---|---|---|
| 1 | Ex. 11 KV Pluto Ind | 132 KV VAGHASIYA | 6860 | 210 | 290.00 (03.04.2018 @ 11.00) | 9.99 |
| 2 | Mod 11 KV Pluto Ind | | 3156 | 35 | 133.42 | 4.33 |
| 3 | Prop 11 KV Simstone Ind | | 3704 | 175 | 156.58 | 3.23 |

**૩.૩** ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતના અનુસંધાને – ફીડર ના વિભાજન માટે – પીજીવીસીએલ ના પ્રવર્તમાન મા રહેલ પત્ર નં. – પીજીવીસીએલ / ટેક–૩ / ૩૫૧૦ તા.૨૬–૦૪–૧૬ મુજબ – ૧૫૦ / ૨૫૦ એમ્પીયર ( રેબીટ / ડોગ કન્ડકટર) અથવા ૯% વી.આર. ના માપદંડ નકકી કરાયેલ છે.

એચ.ટી. વીજજોડાણ નુ શીફટીગ એક ફીડર માથી બીજા ફીડર મા કરવા માટે – પીજીવીસીએલ ના પત્ર નં. – પીજીવીસીએલ / આરએન્ડસી/ ૬૨૩૯ તા.૧૫–૦૭–૧૬ મુજબ – '' It is directed to be more vigilant and not to approve any kind of shifting of H.T. Connection from one feeder to another feeder under the guise of interruption of any other reason. If in case at all it is require to modify load distribution among the feeders, such proposals should be sent to corporate office with due justification.''

અરજદાર દ્વારા તેમના કરારીત વીજભાર કરતા વધુ વીજભાર વાપરતા હોય – સપ્લાયકોડ –૦૪/ ૨૦૧૫ ની કલમ–૪.૯૫ અન્વયે – પીજીવીસીએલ દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની જરૂરીયાત હોય – આ માટે ફીડર બાયફર્ગેશન કરવુ જરૂરી હોય – પીજીવીસીએલ દ્વારા – સદર કેઈસ મા કરેલ કાર્યવાહી ફોરમ કમિટી ને યોગ્ય જણાયેલ છે.

ઉપરોક્ત બાબતે – અરજદાર ની મુદ્દા નં. ૧.૧ (૬) અને પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – જે તે વખતે ટેકનીકલ પારામીટર અને ભૌગોલીક પરીસ્થિતી અન્વયે નિયમાધીન કાર્યવાહી કરાયેલ છે. તેમજ અરજદાર ને – સપ્લાયકોડ – ૨૦૧૫ ની કલમ–૪.૯૫ અન્વયે – મંજુર કરાયેલ વીજભાર વધારા નુ ભાવપત્રક અરજદાર ના બીલીંગ ખાતામાં ડેબીટ કરાયેલ છે.

સદર કેઈસ મા, ઉપરોક્ત બાબતે – પીજીવીસીએલ પક્ષકાર ની લેખીત રજુઆત મુજબ – મે. કયુટોન ગ્રેનીટો પ્રા.લી. એચ.ટી. કેટેગરી માથી ઈ. એચ.ટી. કેટેગરી મા જતા છેલ્લા ૦૬ માસ માં– ૧૧ કેવી બેલેજા ફીડરમાં મહતમ ૫૯ એમ્પીયર નોધાયેલ છે. પરંતુ, અરજદાર ના વીજજોડાણ માં – કરારીત વીજભાર કરતા બીલીંગ વીજભાર વધુ આવેલ હોય – સપ્લાયકોડ – ૨૦૧૫ ની કલમ–૪.૯૫ અન્વયે – વીજજોડાણ ૧૧ કેવી પ્લુટો ફીડરમાં ધરાવતા હોય – જેમા વીજભાર રેગ્યુલેશન અને એમ્પીયર લોડીગ ટેકનીકલ માપદંડો કરતા વધુ હોય – અરજદાર ને વીજભાર વધારા અન્વયે અપાયેલ ભાવપત્રક નિયમાધીન યોગ્ય હોવા બાબતે ની જાણકારી બન્નેપક્ષકારો ને આપવા બાબતે નો, તેમજ અરજદાર ની મુદ્દા નં.૧.૧(૩) મુજબ ની વિગતેની રજુઆત મુજબ – જો પ્રપોઝડ નવા ફીડર નુ કામ નેશનલ હાઈવે તેમજ રોડ ની બન્ને બાજુ ઓર્ધોગીક વીજજોડાણો અને બીનખેતી થયેલ જમીન આવેલ હોય – જો આ ફીડર નુ કામ ઉપરોક્ત કારણોસર શકય ન બને તો – અરજદાર દ્વારા ફીડર બાયફરકેશન અંગે ભરપાઈ કરેલ રકમ – અરજદાર શ્રી ને પરત આપવી જરૂરી છે, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.